ASHUTOSH®

AN ISO 9001 : 2008 CERTIFIED COMPANY

# ધન વ્યવસ્થા

DHAN VYAVASTHA

VOL. No. 8 ISSUE NO. 2-2016-17 DT. 07.06.2016 RS. 10/-

## બજેટ સ્પેશ્યલ અંક

કેન્દ્રીય અંદાજપત્ર થકી રજૂ થયેલ ફાયનાન્સ બીલ - ૨૦૧૬ સંસદમાં મુકાયેલ હતું. આ ફાયનાન્સ બીલ - ૨૦૧૬ ને સંસદની મંજૂરી મળતા તે ફાયનાન્સ એક્ટ-૨૦૧૬ બનેલ છે.

દરેક વર્ષની જેમ આ વર્ષે આ ફાયનાન્સ એક્ટ-૨૦૧૬ ની અગત્યની જોગવાઈઓ એટલે કે ઈન્કમટેક્સના કાયદામાં કરવામાં આવેલા સુધારાઓ આ અંકમાં રજૂ કરેલ છે.

ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD.

A COMPLETE FINANCIAL SOLUTIONS ENTERPRISE

**Corporate & Correspondence Office :** Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, RAJKOT- 360 001. GUJARAT, INDIA. Phone : +91 281 222 4499, 223 6969. E-mail : info@ashutoshfinserv.com

**Ahmedabad Office :** 903-B, Synergy Tower, Corporate Road, Behind YMCA Club, Prahladnagar, AHMEDABAD-380 015. GUJARAT, INDIA. Phone : +91-79-4005 6279. E-mail : info.abad@ashutoshfinserv.com

www.ashutoshfinserv.com www.facebook.com/ashutoshfinserv

OUR DIVISIONS & SERVICES

**Ashutosh Investment Advisory**
Connecting people with Investment Opportunities
Email : relationship@ashutoshfinserv.com Mobile : +91 937 733 5959

**Ashutosh Capital Advisors**
Arranging Finance for all your needs
Email : capital@ashutoshfinserv.com Mobile : +91 960 100 6464

**Kothari & Co.**
Income Tax & Allied Laws Consultants
Email : lawserve@ashutoshfinserv.com Mobile : +91 937 696 2244

**Ashutosh NRI Services**
Taxation • Laws • Investments
Email: nris1@ashutoshfinserv.com Mobile: +91 722 884 8181

**Ashutosh Realty Services**
Real Estate Investment made simple
Email : realty@ashutoshfinserv.com Mobile : +91 972 521 9090

કરવેરા અને આયોજન

# બજેટ સ્પેશ્યલ – Finance Act - 2016

## (૧)નાણાંકિય વર્ષ ૨૦૧૬-૧૭ માટે આવક્વેરાના દર

૧. વ્યક્તિ, હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF) મહિલા કરદાતા, એસોસીએશન ઓફ પર્સન્સ (AOP), બોડી ઓફ ઇન્ડિવિડયુલ (BOI) માટેની આવકવેરાની મુક્તિ મર્યાદા રૂા. ૨,૫૦,૦૦૦ યથાવત રાખવામાં આવેલ છે.

૨. સીનીયર સીટીઝન (૬૦ વર્ષથી વધારે) માટેની આવકવેરાની મુક્તિ મર્યાદા રૂા. ૩,૦૦,૦૦૦ યથાવત રાખવામાં આવેલ છે.

૩. સુપર સીનીયર સીટીઝન (૮૦ વર્ષથી વધારે) માટેની આવકવેરાની મુક્તિમર્યાદા રૂા. ૫,૦૦,૦૦૦ યથાવત રાખવામાં આવેલ છે.

૪. વ્યક્તિ, હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF) મહિલા કરદાતા, એસોસીએશન ઓફ પર્સન્સ (AOP), બોડી ઓફ ઇન્ડિવિડયુલ (BOI) માટેના આવકવેરાના દરમાં કોઇ સુધારા કરવામાં આવેલા નથી.

રૂા. ૧ કરોડથી વધારે આવક ધરાવતા વ્યક્તિ, હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF) એસોસીએસન ઓફ પર્સનસ (AOP), બોડી ઓફ ઇન્ડિવિડ્યુલ (BOI) માટે આવકવેરા સરચાર્જન આકારણી વર્ષ ૨૦૧૬-૧૭ ના ૧૨ % ના દરને વધારીને આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ ના વર્ષમાં ૧૫ % કરવામાં આવેલ છે. તેથી આવા કરદાતાના કેસમાં આવકવેરાનો અસરકારક દર ૩૪.૬૦૮ થી વધીને ૩૫.૫૩૫ થશે.

## (૨) રૂા. ૫ લાખ સુધીની આવક ધરાવતા વ્યક્તિના કેસમાં રૂા. ૫૦૦૦ નું આવકવેરામાં રીબેટ

આવકવેરા કાયદાની કલમ ૮૭A અનુસાર જે વ્યક્તિની કરપાત્ર આવક રૂા. ૫ લાખ સુધીની હોય તેવા કેસમાં તેણે ભરવાપાત્ર આવકવેરાનો ૧૦૦ % ટેક્સ અથવા રૂા. ૫૦૦૦/- બે માંથી જે ઓછી રકમ હોય તે આવકવેરામાં રીબેટ તરીકે બાદ મળશે. આ જોગવાઇ આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ ની અમલી બનશે.

## (૩) ઘરભાડાની ચૂકવણીની મર્યાદામાં વધારો

આવકવેરાની કલમ ૮૦GG હેઠળ પ્રવર્તમાન નિયમ હેઠળ વાર્ષિક રૂા. ૨૪,૦૦૦ ઘરભાડાની ચૂકવણી પેટે કપાત તરીકે બાદ મળે છે. આ ચૂકવણીની મર્યાદા વાર્ષિક રૂા. ૨૪,૦૦૦ થી વધારીને ૬૦,૦૦૦ કરવામાં આવેલ છે. જે આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલી બનશે.

## (૪) સાટાખત કરવા સમયે પ્રવર્તમાન જંત્રીની કિંમત અંગે કરવામાં આવેલો સુધારો

કરદાતા દ્વારા જ્યારે સાટાખત કરવામાં આવે ત્યારે જંત્રીની કિંમતને ધ્યાનમાં લઇ સાટાખત કરવામાં આવેલું હોય પરંતુ જ્યારે વેચાણ દસ્તાવેજ કરવાનો હોય ત્યારે જંત્રીની કિંમતમાં વધારો થયેલ હોય તો આવા સંજોગોમાં કરદાતા ઉપર વધારાની આવકવેરા ભરવાની જવાબદારી ઉપસ્થિત થાય છે તેને ધ્યાનમાં લઇ આવકવેરાની કલમ ૪૩CA હેઠળ એવી આવકારદાયક જોગવાઇ કરવામાં આવી છે કે આવા કેસમાં સાટાખતની તારીખની જંત્રીની કિંમતને ધ્યાનમાં લેવામાં આવશે જેથી કરદાતાને વધારાની આવકવેરો ભરવાની જવાબદારી ઉપસ્થિત ન થાય.

અલબત્ત આ સંદર્ભમાં એવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે આ રાહત તો જ મળી શકશે જ્યારે સાટાખતની રકમ રોકડ સિવાય અન્ય સ્વરૂપે જેમ કે ચેક કે ડ્રાફ્ટ સ્વરૂપે આપવામાં આવી હોય.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત જોગવાઇઓ સ્ટોક ઇન ટ્રેડની મીલકતો માટે અમલી હતી પરંતુ મૂડી રૂપી મિલકતો માટે આ જોગવાઇ અમલી ન હતી જે આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ અમલી બનશે.

## (૫) નવા કર્મચારીઓને રોજગાર સંબંધીત કપાતના વ્યાપમાં વધારો

આવકવેરાની કલમ ૮૦JJAની પ્રવર્તમાન જોગવાઇ હેઠળ મેન્યુફેકચરીંગ કરતાં ઔદ્યોગીક એકમોને નિયત શરતોને આધીન કામદારોને ચૂકવાતા વધારાની મજૂરીની રકમના ૩૦ % જેટલી થતી રકમ ત્રણ વર્ષ સુધી કપાત તરીકે બાદ આપવામાં આવે છે.

આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ થી કલમ ૮૦JJA હેઠળ સુધારાઓ કરવામાં આવ્યા જે નીચે મુજબ છે.

(૧) આ કલમ હેઠળની કપાતનો લાભ ઓડીટને પાત્ર હોય તેવા તમામ એકમો કંપની, ભાગીદારી, લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપ (LLP) તેમજ પ્રોપરાઇટશીપને મળશે.

(૨) અગાઉની જોગવાઇઓમાં આ લાભ માત્ર મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર પુરતો મર્યાદિત રાખવામાં આવેલો હતો જેમાં હવેથી તેનો વ્યાપ વધારીને કોઇપણ ક્ષેત્રના ધંધાકીય આવક ધરાવતા એકમને મળી શકશે.

(૩) આ કપાતના હેતુસર ADDITIONAL WAGES ને સ્થાને Additional Employee Cost ને લક્ષમાં લેવાશે. આ સંદર્ભમાં રૂા. ૨૫,૦૦૦ થી ઓછી રકમનો કુલ પગાર મેળવતા કર્મચારીઓને જ Addional Employee ગણવામાં આવશે.

(૪) વર્ષ દરમિયાન કર્મચારીની સંખ્યામાં ૧૦ % નો વધારો કરાયો હોવો જોઇએ તે પ્રાથમિક શરતને દૂર કરવામાં આવી છે.

(૫) કર્મચારીના હાજર દિવસો માટે પ્રવર્તમાન ૩૦૦ દિવસના રોજગાર સંબંધી નિયમમાં છૂટ આપી આ મર્યાદાને ૨૪૦ દિવસ સુધી ઘટાડવામાં આવી છે.

**૬. આવક ટેક્સેબલ ન હોય પરંતુ પ્રાથમિક મુક્તિ મર્યાદાથી વધારે હોય તો રીર્ટન ભરવું ફરજીયાત**

આવકવેરાના કલમ ૧૩૯(૧) હેઠળ હાલમાં કરદાતાની કરપાત્ર આવક તેની પ્રાથમિક મુક્તિ મર્યાદાથી વધુ હોય તેના માટે રીર્ટન ભરવું ફરજીયાત છે. કરદાતાની ગ્રોસ આવક (કલમ ૮૦ સી હેઠળની વિવિધ કપાતો બાદ કરતા પહેલા) જો પ્રાથમિક મુક્તિ મર્યાદાથી વધતી હોય તો પણ આવકવેરા રીર્ટન ભરવું ફરજીયાત બની રહે છે.

આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલી બને તે રીતે કરવામાં આવેલી નવી જોગવાઇઓ અનુસાર કરદાતાને ઇકિવટી શેર અથવા ઇકિવટી ઓરીએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડમાંથી થતો કરમુક્ત લાંબાગાળાના મૂડી નફાની રકમ જો પ્રાથમિક કરમુક્તિની મર્યાદા (રૂા. ૨,૫૦,૦૦૦) કરતા વધતી હોય તો તેવા કરદાતા માટે આવકવેરા રીર્ટન ભરવું ફરજીયાત બનશે.

**૭. આવકવેરા રીટર્ન જે તે પૂરા થતા નાણાકિય વર્ષ પછીના ૧ વર્ષ માં જ ભરવાનું રહેશે.**

આવકવેરા રીટર્ન ભરવાની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર કરદાતા પોતાનું આવકવેરા રીટર્ન સંબંધિત નાણાકીય વર્ષ પુરુ થયા પછીના બે વર્ષ સુધી આવકવેરા રીટર્ન ભરી શકયું હતું એટલે કે નાણાકિય વર્ષ ૨૦૧૫-૧૬ નું આવકવેરા રીટર્ન ૩૧-૦૩-૨૦૧૮ સુધી ભરી શકાય છે.

આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલી બને તે રીતે નાણાકીય વર્ષ ૩૧-૦૩-૨૦૧૭નું રીર્ટન ૩૧-૦૩-૨૦૧૮ સુધીમાં ભરી દેવાનું રહેશે.

**૮. આવકવેરા રીર્ટન ભરવાની નિયત તારીખ બાદ ભરાયેલ રીર્ટન હવેથી રિવાઇઝડ થઇ શકશે.**

આવકવેરાની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર આવકવેરાનું રીર્ટન તેની નિયત તારીખમાં ભરવામાં આવેલ હોય તો જ તે રીર્ટન રીવાઇઝડ થઇ શકે છે તેવી જોગવાઇઓ હાલ અમલમાં છે.

ઉપરોક્ત જોગવાઇને કારણે ઓરીજનલ રીર્ટન નિયત તારીખે ભરાયેલ ન હોય તો તે રીર્ટન રીવાઇઝડ થઇ શકતું ન હોવાને લીધે કરદાતા માટે મુશ્કેલી ઉભી થતી હતી. આ સમસ્યાના નિવારણ હેતુસર આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ અમલી બને તે રીતે કલમ ૧૩૯ (૫) હેઠળ એવો સુધારો કરવામાં આવ્યો છે કે નિયત તારીખ બાદ ફાઇલ કરેલ રીર્ટન પણ હવેથી રીવાઇઝડ થઇ શકશે.

**૯. સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ તથા ચૂકવવા પાત્ર વ્યાજ ન ભરવાને કારણે રીર્ટન ક્ષતિયુક્ત ગણાશે નહીં**

પ્રવર્તમાન જોગવાઇ મુજબ કરદાતાએ રીર્ટન સાથે ટેક્સ અને ભરવાપાત્ર વ્યાજ ભરેલ ન હોય તો રીર્ટન ડિફેકટીવ ગણવામાં આવતું હતું. જે આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ અમલી બને તે રીતે ટેક્સ તેમજ વ્યાજ ન ભરેલ રીર્ટનને હવેથી ડિફેકટીવ રીર્ટન ગણવામાં નહીં આવે.

**૧૦. એસેસમેન્ટની સમયમર્યાદામાં કરવામાં આવેલો ઘટાડો**

૧ લી જુન ૨૦૧૬ થી અમલી બને તે રીતે એસેસમેન્ટ, રી-એસેસમેન્ટ, અપીલ અંગેની કાર્યવાહી પૂરી કરવા માટેના સમયગાળામાં ૩ મહીનાનો ઘટાડો કરવામાં આવેલો છે એટલે કે કલમ ૧૪૩ કે ૧૪૪ માં સ્કુટીની નોટિસ અંગેની કાર્યવાહી હાલની જોગવાઇ મુજબ જે તે આકારણી વર્ષમાં સ્કુટીની નોટીસ આવેલ હોય તે નોટીસના એસેસમેન્ટ વર્ષ પછીના બે વર્ષમાં એસેસમેન્ટની કાર્યવાહી પૂરી કરવાની હોય છે. જેનો સમયગાળો ૨૪ મહિનાના ઘટાડીને ૨૧ મહિનાનો કરવામાં આવ્યો છે તેથી હવે એસેસમેન્ટની કાર્યવાહી ૩૧ ડિસેમ્બર સુધીમાં પૂરી કરવાની રહેશે.

**૧૧. એડવાન્સ ટેક્સ ભરવાની તારીખમાં કરવામાં આવેલો ફેરફાર**

પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર કંપની સિવાયના કરદાતાઓ માટે એડવાન્સ ટેક્સના વર્ષ દરમ્યાન ત્રણ હપ્તાઓ ભરવાના હતા

અને કંપની માટે એડવાન્સ ટેક્સ ચાર હપ્તામાં ભરવાનો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ અમલી બને તે રીતે હવેથી દરેક પ્રકારના કરદાતાઓએ નીચે મુજબની તારીખે એડવાન્સ ટેક્સના હપ્તાઓ ભરવાના રહેશે.

| **એડવાન્સ ટેક્સ ભરવાની તારીખ** | **કુલ એડવાન્સ ટેક્સની ભરવાની ટકાવારી** |
|---|---|
| ૧૫ મી જૂન | કુલ ટેક્સના ૧૫ % |
| ૧૫ મી સપ્ટેમ્બર | કુલ ટેક્સના ૩૦ % |
| ૧૫ મી ડિસેમ્બર | કુલ ટેક્સના ૩૦ % |
| ૧૫ મી માર્ચ | કુલ ટેક્સના ૨૫ % |

અત્રે એ ઉલ્લેખનીય છે કે પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર અંદાજીત આવક મેળવતા કરદાતાના કેસમાં નાણાકિય વર્ષ ૨૦૧૫-૧૬ સુધી એડવાન્સ ટેક્સ ચુકવવાની કોઇ જવાબદારી હતી નથી જે નાણાકિય વર્ષ ૨૦૧૬-૧૭ થી અમલી બને તે રીતે અંદાજીત આવક ધરાવતા કરદાતાના કેસમાં ૧૫ મી માર્ચ ૧ હપ્તામાં જ એડવાન્સ ટેક્સ ભરવાનો રહેશે.

## ૧૨. ટેક્સ ડિડકટેડ એટ સોર્સ (TDS) ની કપાત કરવા માટેની રકમ તથા તેના દરમાં કરવામાં આવેલો ફેરફાર

૧ લી જૂન ૨૦૧૬ થી અમલી બને તે રીતે ટેક્સ ડિકકટેડ એટ સોર્સ (TDS) ની કપાત કરવા માટેની રકમમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવ્યો છે.

| **ક્રમ** | **ચુકવણીનો પ્રકાર** | **નાણાંકિય મર્યાદા** |
|---|---|---|
| ૧ | કોન્ટ્રાકટરને કુલ વાર્ષિક ચૂકવણી | ૧,૦૦,૦૦૦ |
| ૨ | સ્થાવર મિલકતનું ફરજીયાત સંપાદન | ૨,૫૦,૦૦૦ |
| ૩ | ઈન્સ્યોરન્સ કમીશન | ૧૫,૦૦૦ |
| ૪ | કમિશન / દલાલી | ૧૫,૦૦૦ |

ટેક્સ ડિડકટેડ એટ સોર્સ (TDS) ના દરમાં નીચે મુજબના ફેરફાર કરવામાં આવ્યા છે.

| **ક્રમ** | **ચુકવણીનો પ્રકાર** | **TDS નો દર** |
|---|---|---|
| ૧ | ઈન્સ્યોરન્સ કમિશન | ૫ % |
| ૨ | જીવન વીમાની પોલીસી હેઠળ મળતી કરપાત્ર રકમ | ૧ % |
| ૩ | NSS ખાતામાંથી કરપાત્ર ઉપાડની રકમ | ૧૦ % |
| ૪ | કમિશન / દલાલી | ૫ % |

### TDS માં કરવામાં આવેલા મહત્ત્વનો સુધારો

ભાડાની ચૂકવણી કરતા સમયે તેમાંથી TDSની કપાત કરવા અંગેની જોગવાઇ હાલમાં અમલી છે. તેમાં ભાડું સ્વીકારનારની આવક કરપાત્ર ન હોવા છતાં તેને રીર્ટન ફાઇલ કરીને રીફંડ લેવાનું થતું હતું. આ મુશ્કેલીના નિરાકરણ માટે ૧ લી જુન ૨૦૧૬ થી અમલી બને તે રીતે હવેથી ભાડાની આવકના કેસમાં પણ 15G/15H આપી શકાશે તેવી રાહતકારક જોગવાઇ કરવામાં આવી છે.

## ૧૩. ૧૦ લાખથી વધુ કિંમતની મોટરકાર અને રૂા. ૨ લાખથી વધુ કિંમતના રોકડના વેચાણ કે સેવાના સંદર્ભમાં ૧ % ની TCSની જોગવાઇ

(૧) રૂા. ૧૦ લાખથી વધુ કિંમતના મોટરકારના વેચાણના સંદર્ભમાં ખરીદનાર પાસેથી વેચાણની રકમના ૧ % ની રકમ TCS તરીકે વસુલ કરવાની રહેશે.

(૨) રૂા. ૨ લાખથી વધુ કિંમતના રોકડમાં માલના વેચાણ કે સેવાના સંદર્ભમાં માલની ખરીદી કે સેવાની સુવિધા મેળવનાર વ્યક્તિ પાસેથી માલ કે સેવાની કિંમતના ૧ % રકમ TCS તરીકે વસુલ કરવાની રહેશે.

## ૧૪. કલમ ૪૪AD હેઠળ અંદાજીત આવક યોજનામાં કરવામાં આવેલા મહત્ત્વના સુધારાઓ

- કલમ ૪૪AD ની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર વાર્ષિક ૧ કરોડના ટર્નઓવરના ૮ % ના ધોરણે થતી રકમ ધંધાની કરપાત્ર આવક તરીકે ગણવામાં આવે છે.

- અંદાજીત આવક યોજનાનો લાભ લેનાર કરદાતાએ ભાગીદારી પેઢી હોય તો તેવા કેસમાં નિયત મર્યાદાને આધીન ભાગીદારોને ચૂકવેલ વ્યાજ તથા પગારની કપાતનો લાભ મળી શકતો હતો.

- હાલની જોગવાઇ અનુસાર અંદાજીત આવકનો લાભ લેનાર કરદાતાને એડવાન્સ ટેક્સ ભરવાની કોઇ જવાબદારી રહેતી નથી.

આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલી બને તે રીતે કલમ ૪૪AD માં નીચે મુજબના સુધારા કરવામાં આવ્યા છે.

(૧) અંદાજીત આવક યોજનાની મર્યાદા રૂા. ૧ કરોડ થી વધારીને રૂા. ૨ કરોડ કરવામાં આવી છે.

(૨) ભાગીદારી પેઢીના કેસમાં કલમ ૪૦ (B) હેઠળ ભાગીદારોને ચૂકવાના વ્યાજ તેમજ પગારની કપાતનો લાભ હવેથી મળી શકશે નહીં.

(૩) નવી જોગવાઇઓ અનુસાર જે વર્ષમાં અંદાજીત આવક યોજનાનો લાભ લીધો હોય તે પછીના ૫ વર્ષ સુધી આ યોજના મુજબ જ આવક ૮ % લેખે દર્શાવવાની રહેશે. જો કરદાતા આ નિયમનું પાલન જે-તે વર્ષમાં આકારણી કરવામાં ન આવે તો પછીના ૫ વર્ષ સુધી આ યોજનાનો લાભ મેળવી શકશે નહીં તેવું નિયંત્રણ રાખવામાં આવ્યું છે.

(૪) અંદાજીત આવક યોજનાના સંદર્ભમાં કરદાતા દ્વારા દર્શાવવામાં આવતી આવક પર ૧૫ મી માર્ચ સુધીમાં એક હપ્તામાં એડવાન્સ ટેક્સ ભરવાનો રહેશે.

## ૧૫. પ્રોફેશનલ માટે ટેક્સ ઓડિટની મર્યાદામાં કરવામાં આવેલો વધારો

પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર હાલમાં કલમ ૪૪AB હેઠળ રૂા. ૨૫ લાખથી વધુ ગ્રોસ રીસીપ્ટ હોય તો તેવા કેસમાં ટેક્સ ઓડીટ કરવાનું રહેતું હતું.

આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલી બને તે રીતે ટેક્સ ઓડીટની મર્યાદા રૂા. ૨૫ લાખથી વધારીને ૫૦ લાખ કરવામાં આવી છે.

## ૧૬. પ્રોફેશનલ માટે જાહેર કરવામાં આવેલ અંદાજીત આવકની યોજના

હાલમાં કલમ ૪૪AD હેઠળ અંદાજીત આવક યોજનાનો લાભ માત્ર ધંધાકીય આવક મેળવતા કરદાતાઓ જ લઇ શકતા હતા. પ્રોફેશનલસ પણ આવી યોજના નો લાભ લઈ તેમનું ભારણ ઘટાડી શકે તે હેતુથી આ યોજના જાહેર કરવામાં આવી છે.

- કલમ ૪૪AA હેઠળ નિર્દિષ્ટ પ્રોફેશનલસ જેવા કે લીગલ, મેડીકલ, એન્જીનીયરીંગ, આર્કિટેકચર, એકાઉન્ટન્સી, ઇન્ટીરીયર ડેકોરેટર કે જે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસ (CBDT) દ્વારા માન્ય કરવામાં આવેલા છે તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- અંદાજીત આવક યોજનાનો લાભ રૂા. ૫૦ લાખથી ઓછી આવક ધરાવતા પ્રોફેશનલ કરદાતા જ લઇ શકશે.

- પ્રોફેશનલના કેસમાં તેની કુલ રીસીપ્ટના ૫૦ % ના ધોરણે થતી રકમ નેટ પ્રોફીટ તરીકે દર્શાવવાની રહેશે.

## ૧૭. TDS ના રીર્ટન ભરવાની સમય મર્યાદામાં કરવામાં આવેલો વધારો

૨૯ મી એપ્રીલ ૨૦૧૬ ના રોજ જાહેર કરવામાં આવેલા નોટીફીકેશન અનુસાર ૧ લી જુન ૨૦૧૬ થી અમલી બને તે રીતે TDSના રીર્ટન ભરવાની તારીખોમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવ્યો છે.

| ક્રમ | કવાર્ટર | TDS રીર્ટન ભરવાની જૂની તારીખ | TDSરીર્ટન ભરવાની નવી તારીખ |
|---|---|---|---|
| ૧ | એપ્રીલ થી જુન | ૧૫ જુલાઇ | ૩૧ જુલાઇ |
| ૨ | જુલાઇ થી સપ્ટે. | ૧૫ ઓકટો. | ૩૧ ઓકટો. |
| ૩ | ઓકટો. થી ડિસે. | ૧૫ જાન્યુ. | ૩૧ જાન્યુ. |
| ૪. | જાન્યુ. થી માર્ચ | ૧૫ મે | ૩૧ મે |




DISCLAIMER : This publication has been prepared by ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. While reasonable care has been taken in its preparation, this publication does not purport to be a complete description of the securities, markets or developments referred to herein and ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. does not warrant its accuracy or completeness. This publication is not an offer or solicitation of an offer to buy or sell any security or investments mentioned herein. Please read the offer documents carefully before investing.

To

Registered with Registrar of Newspapers for India Regi. No. GUJGUJ/2009/36607

Postal Regn. No. RAJKOT/600/2014-2016, office of posting RMS, Rajkot on 10th of every month Valid up to 31-12-2016

Printed by : Shri Rajen Umarshibhai Shah, Published by : Shri Daxesh Dinesh Kothari, Owned by : Shri Daxesh Dinesh Kothari and Printed at : Shrenik Printers, 134-Udhyog Nagar Colony, Opp. Krishna Steel, Lohanagar Main Road, Off. Gondal Road, Rajkot-360002. Gujarat- India and Published at : ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD., Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, Rajkot 360001. Gujarat-India. Editor : Shri Daxesh Dinesh Kothari.